**VEER NARMAD**
**SOUTH GUJARAT UNIVERSITY**
**Udhna-Magdalla Road, P.B. No. 49**
**SURAT - 395 007 (Gujarat)**
: 2227141 to 2227146
**Fax :** (0261) 2227312
**Gram :** SOGUNI

**વીર નર્મદ**
**દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
**ઉધના–મગદલ્લા રોડ, પો.બો.નં. ૪૯**
**સુરત – ૩૯૫ ૦૦૭ (ગુજરાત)**
: ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**ફેકસ :** (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**તાર :** સોગુની

**E-mail :** sgu@sguernet.in

**સિન્ડિકેટની તાકીદની સભા**
**તા.૨૩–૪–૨૦૦૪**

**ખાનગી**
**ફકત સભ્યોની જાણ માટે**

સિન્ડિકેટની તાકીદની (Urgent) સભા શુક્રવાર, તા: ૨૩–૪–૨૦૦૪ ના રોજ બપોરે, ૧–૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામપ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | *ગેરહાજર |
| ૧૫ | ડૉ.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬ | શ્રી જયેશ વી દેશકર | હાજર |
| ૧૭ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |

* બહારગામ ગયા હોવાથી હાજર રહી શકયા નથી.

(૧) સ્વનિર્ભર બી.એડ. કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાના પ્રવેશ બાબત અંગે શ્રી મહાવીર વિદ્યામંદર ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક શિક્ષણ પ્રશિક્ષણ મહાવિધાલયના પ્રધાનાચાર્યશ્રીના તારીખ ૦૧–૦૪–૨૦૦૪ના પત્ર ક્રમાંક : ૧૨૭/કાર્યા. /૨૦૦૩–૦૪ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(એકેડમિક વિભાગ)

:: જસ્ટીસ આર જે.શાહ (રીટાયર્ડ) એડમીશન કમીટી (મેડીકલ)ની તા. ૩–૪–૨૦૦૪ના રોજ મળેલ સમિતિના એજન્ડા નંબર–૫ નાં સંદર્ભમાં સદર સમિતિએ આપેલ નોટીસ અત્રે પ્રસ્તુત છે:–

" ઈસ્લામીક એકેડમી ઓફ એજ્યુકેશન અને અન્ય વિરુધ્ધ કર્ણાટક રાજય અને અન્ય" ના ચુકાદા અનુસાર કોઈ પણ એસોસીયેશન તેમજ સંસ્થા ધ્વારા પ્રોફેશનલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પ્રાવેશીક પરીક્ષા લેવાનું નકકી કર્યુ હોય તેનું આજ દિન સુધી આ કમીટીનાં ધ્યાન પર આવ્યું નથી. કમીટીને એવું લાગે છે કે જો આ ટેસ્ટ લેવા માટેનો તેમજ તેને લગતી તમામ કાર્યવાહી પૂર્ણ કરવાનો સમયગાળો ધ્યાન પર લેવામાં આવે તો કોઈપણ <u>એસોસીયેશન કમીટી</u> પારદર્શકતા તેમજ યોગ્યતાનો વિશ્વાસ અપાવી શકે તેમ નથી. આમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટે પ્રાવેશીક પરીક્ષા માટે પૂરતો સમય બચ્યો નથી.

તેથી કોઈપણ સ્વનિર્ભર સંસ્થાઓનાં એસોસીયેશન ધ્વારા વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટે પ્રાવેશીક પરીક્ષા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ વર્ષ ૨૦૦૪–૨૦૦૫ના વર્ષ પૂરતાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર પ્રવેશ સરકાર ધ્વારાં તૈયાર કરવામાં આવતાં ગુણવત્તા યાદી પ્રમાણેજ કરવાનો રહેશે.

સભ્ય સચિવશ્રી<br>
જસ્ટીસ આર. જે.શાહ (નિવૃત્ત)<br>
પ્રવેશ સમિતિ (મેડીકલ)

સદર નોટીસનાં કારણો બી.એડ અને બી.પી.એડ. અભ્યાસક્રમને લાગું પાડતાં–

:: આથી ઠરાવવામાં આવે છે કે, વર્ષ ૨૦૦૪–૨૦૦૫નાં વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમોની મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ યુનિ. ધ્વારા નિયુકત કેન્દ્રીય પ્રવેશ સમિતિ ધ્વારાં તૈયાર કરવામાં આવેલ મેરીટની યાદીની મેરીટ અનુસાર આપવાનો રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને જ પ્રવેશ પ્રકીયાં કરવાની રહેશે.

(૧) કાઉન્સીલીંગ વિધી ધ્વારાં વિદ્યાર્થીનિ પ્રેફરન્સ પૂછીને મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ આપવાનો રહેશે.

(૨) જે વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ ક્વોટાનો વિકલ્પ ન આપ્યો હોય તેમને પણ મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશની તક આપવી.

(૩) પ્રવેશ સમીતી ધ્વારાં પ્રવેશ આપવાં અંગે અંતીમ તારીખ નકકી કરવામાં આવે. પ્રવેશ પ્રક્રીયા પૂર્ણ થયાં પછી કોઈ પણ પ્રવેશ યુનિ. ધ્વારાં માન્ય ગણવામાં આવશે નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે કોલેજ/મેનેજમેન્ટ ઉપરોકત પ્રક્રીયા સિવાય પ્રવેશ આપશે તે યુનિ. ધ્વારાં રજીસ્ટ્રેશન/એનરોલમેન્ટને પાત્ર રહેશે નહીં. તથા તેઓની પરીક્ષા યુનિ. ધ્વારા લેવામાં આવશે નહીં. વધુમાં તે સંસ્થા સામે યુનિ.નાં ધારા ધોરણ અનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૨) બાંધકામ વિભાગને લગતી બાબતો કુલપતિશ્રીએ પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિ વતી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવાની કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

(૧) વહીવટી મકાનના સામેના ભાગમાં પ્લાઝા તૈયાર કરવા માટે કુલ ૩ ટેન્ડરો મળેલ છે તે પૈકી મે.નૂતન કન્સ્ટ્રકશન, સુરતનું અંદાજીત રકમ રૂા.૧૩,૦૪,૪૯૧.૨૪ પૈસા ઉપર ૪.૧૦% જેટલું નીચું ટેન્ડર કુલ રૂા.૧૨,૫૧,૦૦૭.૧૦ નું મળેલ છે જે મંજૂર કરી સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, વહીવટી મકાનના સામેના ભાગમાં પ્લાઝા તૈયાર કરવા માટે મે. નૂતન કન્સ્ટ્રકશન, સુરતનું કુલ રૂા.૧૨૫૧૦૦૭/– નું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

(૨) કેમ્પસ ઉપર કન્ડીશનીંગ હોલના બાંધકામ માટે કુલ ૩ ટેન્ડરો મળેલ છે તે પૈકી મે.ઓરીએન્ટ બિલ્ડર્સ, સુરતનું અંદાજીત રકમ રૂા.૧૭,૭૦,૯૦૪.૦૧ ઉપર ૭.૦૨% જેટલું નીચું ટેન્ડર કુલ રૂા. ૧૬,૪૬,૫૮૬.૫૫ નું મળેલ છે જે મંજૂર કરી સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ઉપર કન્ડીશનીંગ હોલના બાંધકામ માટે મે. ઓરીએન્ટ બિલ્ડર્સ, સુરતનું કુલ રૂા. ૧૬૪૬૫૮૬/–નું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

(૩) કેમ્પસ ઉપર કુલપતિશ્રી નિવાસને રીપેર અને આંશીક ભાગનું રી–કન્ટ્રકશન કરવા માટે કુલ ૨ (બે) ટેન્ડરો મળેલ છે તે પૈકી મે.રૂબી કન્સ્ટ્રકશન, સુરતનું અંદાજીત રકમ રૂા.૯,૯૫,૦૦૦/– ઉપર ૧૪% જેટલું નીચું ટેન્ડર કુલ રૂા.૮,૫૫,૭૧૨.૭૭ નું મળેલ છે જે મંજૂર કરી સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ઉપર કુલપતિશ્રી નિવાસને રીપેર અને આંશિક ભાગનું રી–કન્સ્ટ્રકશન કરવા માટે મે. રૂબી કન્સ્ટ્રકશન, સુરતનું કુલ રૂા. ૮૫૫૭૧૨/–નું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

(૪) ડીબીઆઈએમ વિભાગના વડા તરફથી મળેલ પત્ર મુજબ ૫૦૦ વ્યકિતઓની સીટીંગ કેપેસીટીનો હોલ તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ડીબીઆઈએમ વિભાગમાં ૫૦૦ વ્યકિતઓની સીટીંગ કેપેસીટીનો યુનિવર્સિટી ઓડિટોરીયમ તૈયાર કરવા મંજૂરી આપવામાં આવે છે.

(૫) દશમી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર થયેલ મકાનો પૈકી માસ કોમ્યુનિકેશન વિભાગના મકાનના નકશા તથા અંદાજો ઉપર વિચારણા કરવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, દશમી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર થયેલ મકાનો પૈકી માસ કોમ્યુનિકેશન વિભાગના મકાનના નકશા તથા અંદાજોને મંજૂરી આપવામાં આવે છે.

(૬) યુનિવર્સિટી કેમ્પસ ઉપર બાસ્કેટ બોલ બનાવવા માટે તા.૨૭–૨–૨૦૦૪ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિમાં ઠરાવ થયા મુજબ આ કામગીરી ડિપાર્ટમેન્ટલી એટલે લેબર, માલસામાન, યુનિવર્સિટી એ લાવી કરાવવી એમ નકકી થયેલું હતું અને તે મુજબ ટેન્ડરો મંગાવવામાં આવ્યા હતા. પરંતુ આ બાબતે કોઈ પણ ટેન્ડરો કાર્યાલયને પ્રાપ્ત થયેલ નથી તો આ સંજોગોમાં અગાઉ મંગાવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. બાલાજી કન્સ્ટ્રકશન, સુરતનું અંદાજીત રકમ રૂા.૬,૨૫,૦૦૦/– ઉપર ૮.૬૧% ઉચું ટેન્ડર રૂા. ૬,૭૮,૮૧૨.૫૦ નું મળેલ હતું પરંતુ ત્યાર બાદ આ કોન્ટ્રાકટર સાથે નેગોસીએશન કરવા રીવાઈઝડ ઓફર અંદાજીત રકમ ઉપર ૩% ઉચા ભાવની કુલ રૂા.૬,૪૩,૭૫૦/– મળેલ છે. તો આ નવા રીવાઈઝડ ઓફર મુજબ કામ કરાવવા અગાઉ ટેન્ડર ભરનાર મે.બાલાજી કન્સ્ટ્રકશનની ઓફર મંજૂર કરી કામ કરાવવા ભલામણ કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ઉપર બાસ્કેટ બોલ બનાવવા માટે તા. ૨૭–૨–૦૪ ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિમાં થયેલ ઠરાવ મુજબનું મે. બાલાજી કન્સ્ટ્રકશન, સુરતનું કુલ રૂા. ૬૪૩૭૫૦/–નું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

(૭) યુનિવર્સિટી કેમ્પસ ખાતે તળાવ નું ખોદકામ તથા તે માંથી નિકળેલ માટી પાથરવાનું તથા તળાવમાં સ્ટોન પિચિંગ કરવા માટે થનાર અંદાજે રૂા.૬,૨૫,૨૭૫/– નો ખર્ચ મંજુર કરવા વિચારણા કરવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે તળાવનું ખોદકામ તથા તેમાંથી નીકળેલ માટી પાથરવાનું તેમજ તળાવમાં સ્ટોન પીચીંગ કરવા માટે કુલ રૂ. ૬૨૫૨૭૫/–નો ખર્ચ મંજૂર કરવામાં આવે છે.

**ઉપરોકત તમામ બાબતો માટે સમય મર્યાદાનું સૂચન કરવું અને મોડુ થાય તો તે અંગે પેનલ્ટી કલમ ઉમેરવી.**

(૩) તા. ૧–૫–૨૦૦૪ના રોજ ગુજરાત ગૌરવ દિનની ઉજવણી સુરત શહેર ખાતે થનાર હોઈ તે અંગે કલેકટર કચેરી તરફથી મળેલ પત્રની વિગતો પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, તા. ૧–૫–૦૪ના રોજ ગુજરાત ગૌરવદિનની ઉજવણી નિમિત્તે કલેકટર કચેરી તરફથી મળેલ પત્ર મુજબ વહીવટી મકાન, ગ્રંથાલય, વહીવટી મકાન સામેનો બગીચો તથા તેની આસપાસના રસ્તાને નાના બલ્બથી લાઈટીંગ રોશનીથી શણગાર કરવા અંગેનો તા. ૩૦–૪–૦૪ થી તા. ૧–૫–૦૪ સુધીનો કુલ રૂ.૭૦૦૦૦/–નો ખર્ચ મંજૂર કરવામાં આવે છે.

વધુમાં, અન્યત્ર મકાન કે રસ્તાઓ પર લાઈટીંગ કરાવવા તેમજ એમ.એસસી.(આઈટી)ના નવા ભવન પર રોશની કરવાનો કુલ રૂ. ૨૧૦૦૦/–નો ખર્ચ પણ મંજૂર કરવામાં આવે છે.

(૪) ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે શિક્ષણ અંગેના પરિસંવાદ યોજવા અંગે કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત. (યુવક કલ્યાણ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે શિક્ષણ અંગેના પરિસંવાદ યોજવા અંગેના કુલપતિશ્રીના લીધેલા પગલાંની નોંધ લીધી.

**<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબતો રજૂ થઈ હતી.</u>**

(૫) સિન્ડિકેટ સભ્યશ્રી જયેશ વી.દિશકરના તા.૨૨–૪–૨૦૦૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, શ્રી જયેશ વી.દિશકરનો ઉપરોકત પત્ર સ્વીકારવો અને તેમાં દર્શાવેલ કોમન ગર્લ્સ રૂમ કોન્વોકેશન હોલ, ગેસ્ટ હાઉસ તથા ગર્લ્સ હોસ્ટેલના બાંધકામની જરૂરીયાતોનો સ્વીકાર કરી મંજૂરી આપવામાં આવે છે.

(૬) પરીક્ષા આચાર સમિતિની નીચે જણાવેલ તારીખની સભાની અને તેના પર્ટીકયૂલર કેસ પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

(૧) તા.૨૦–૨–૨૦૦૪ બાબત ક્રમાંક: (૪)

(૨) તા.૧–૩–૨૦૦૪ બાબત ક્રમાંક: (૨)

(૩) તા.૧૦–૩–૨૦૦૪ બાબત ક્રમાંક: (૧)

:: પરીક્ષાની આચાર સમિતિની તા.૨૦–૨–૦૪, તા.૧–૩–૦૪, અને તા.૧૦–૩–૦૪ની બાબતોની કેસ સંદર્ભે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છેઃ

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, તા.૨૦–૨–૨૦૦૪ની આચાર સમિતિની બાબત ક્રમાંકઃ (૪) માં, આચાર સમિતિની ભલામણ સ્વીકારવી અને વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧–૩–૨૦૦૪ની આચાર સમિતિની બાબત ક્રમાંકઃ (૨)માં, આચાર સમિતિની ભલામણનો અસ્વીકાર કરી વિદ્યાર્થીનું પરિણામ રદ કરવું. આ અંગે આચાર સમિતિની તા.૨૦–૨–૦૪ની સભાની કાર્યવાહીમાં બાબત ક્રમાંકઃ (૩) અન્વયે, કરેલી ભલામણ સ્વીકારી વિદ્યાર્થીનું પરિણામ રદ કરવાની ભલામણ સ્વીકારવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧૦–૩–૨૦૦૪ની આચાર સમિતિની બાબત ક્રમાંકઃ (૧) માં, આચાર સમિતિની ભલામણ સ્વીકારવી અને વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવું.

ક્રમાંક : એસ–૧(૧)/૪૩૬૯
યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા.૨૦–૫–૨૦૦૪

ઈ.ચા. કુલસચિવ
તા.૨૦–૫–૨૦૦૪

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યોશ્રીઓ...................